જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૮/૨૦૨૨ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૫૧૨/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૪/૦૮/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩ | ૩,૫૧,૨૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૧૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી, ૯૯ લીટર દેશી દારૂ અને ૧૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી, ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૧૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૫૧૫/૨૦૨૨**

**કાગડાપીઠઃ** કિશોરભાઈ રેવતમલ મોહતા (ઉ.વ.૪૧) (રહે. સંગાથ પલએવેલોન-૬૦ મણીલાલ પાર્ટી પ્લોટ પાસે મોટેરા) એ તા.૨૪/૦૮/૨૦૨૨ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૭/૨૦૧૭ થી તા.૨૮/૦૩/૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન સારંગપુર ન્યુ ક્લોથ માર્કેટ દુકાન નંબર-૧૦૩ ખાતેથી આરોપી (૧) “શ્રી સાલાસર ટેક્ષ ફેબ”ના પ્રોપરાઈટર વિનય પ્રકાશ અગ્રવાલ તથા વહીવટ કર્તાઓ (૨) પ્રકાશ માતાદીન અગ્રવાલ (૩) રાહુલ પ્રકાશ અગ્રવાલ અને (૪) દિપક પ્રકાશ અગ્રવાલ (તમામ રહે. નિલકંઠપાર્ક વિભાગ-૨ બીએસએનએલ ઓફીસ પાસે શાહીબાગ) એ ભેગા મળી નીરકમ નોકોટન ગ્રે શર્ટીંગ મટીરીયલનો માલ ખરીદ કરી માલનુ પેમેન્ટ ૯૦ દિવસમાં ચુકવી દેવાની ખાતરી આપી ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૯૭,૭૪,૩૯૨/- ચુકવી બાકી નિકળતા રૂપિયા ૨,૬૬,૧૭,૪૫૨/- આજદીન સુધી નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ S.I.T.પો.સ.ઈ.શ્રી એસ.બી.આચાર્ય ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૫૧૬/૨૦૨૨**

નારોલઃ દર્શકકુમાર જયેન્દ્રભાઇ પટેલ (રહે. સત્સંગપાર્ક માધવ સ્કુલ પાસે વસ્ત્રાલ) એ તા.૨૪/૦૮/૨૦૨૨ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૮/૨૦૨૨ બપોરના ૪/૩૦ થી તા.૧૬/૦૮/૨૦૨૨ કલાક ૧૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નારોલ પીપળજ પીરાણા રોડ ડિ.કે. મોલ કમ્પાઉન્ડ ખાતે ગોડાઉનના શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી ગોડાઉનમાંથી જીન્સના કાપડના રોલ કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.બ્રીદ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૫૧૭/૨૦૨૨**

**ચાંદખેડાઃ** સૌરભભાઇ ચયનભાઇ રોય (ઉ.વ.૩૮) (રહે. ગોપાલાનંદ રેસીડેન્સી હિરાધન સીટીની બાજુમાં આઇ.ઓ.સી.રોડ ચાંદખેડા) એ તા.૨૨/૦૮/૨૦૨૨ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે ચાંદખેડા ન્યુ.સી.જી.રોડ વિઠ્ઠલ કોમ્પ્લેક્ષ રિવાઇવ સલુન સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી અજાણી વ્યક્તિ બેગ ચોરી કરી લઈ હતી. જે બેગમાં લેપટોપ, લેપટોપનુ ચાર્જર, લેપટોપની ટચ સ્ક્રીન પેન, બ્લુટુથ, એક્ષ્ટર્નલ હાર્ડડીસ્ક અને પેનડ્રાઈવ મળી કુલ કિમત રૂપિયા ૭૦,૫૦૦/- તેમજ જરૂરી દસ્તાવેજ હતા. આ અંગેની ફરીયાદ સૌરભભાઇ રોય એ તા.૨૪/૦૮/૨૦૨૨ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૫૧૮/૨૦૨૨**

**નરોડાઃ** લતાકુમારી ડો/ઓ અર્જુનભાઇ કાપરી (ઉ.વ.૧૯) (રહે. શાંતિનગર રાધે કિશન બંગ્લોઝ સામે નાના ચિલોડા નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૮/૨૦૨૨ સવારના ૮/૦૦ થી બપોરના ૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે લોખંડની જાળી સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગણપતસિંહ મફતસિંહ ચલાવે છે.

**ઓઢવઃ** નેહાબહેન ડો/ઓ વિક્રમભાઇ ચુનારા (ઉ.વ.૨૪) (રહે. ચામુંડાનગર ઠાકોરવાસની બાજુમાં આંજણા ચોક પાસે ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૮/૨૦૨૨ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પલાસ ચલાવે છે.

**રામોલઃ (૧)** પ્રકાશભાઇ કાંતિભાઇ રાઠોડ (ઉ.વ.૩૭) (રહે. આંબેડકર આવાસ યોજના સિંધવાઇ માતાના મંદિર પાસે સી.ટી.એમ રામોલ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૮/૨૦૨૨ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતભાઇ મોહનભાઇ ચલાવે છે.

**રામોલઃ (૨)** નિલેશભાઇ બટુકભાઇ સોલંકી (ઉ.વ.૪૫) (રહે. સુકુન હાઇટસ સુર્યમગ્રીનની બાજુમાં ન્યુ આર.ટી.ઓ.રોડ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૮/૨૦૨૨ કલાક 00/30 વાગ્યાથી સવારના ૯/30 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયસિહ પર્વતસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી